નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હસ્તકની જિલ્લા નાયબ નિયામક - પંચમહાલની કચેરીના રીનોવેશન અંગેની બાબત.

નવી બાબત વર્ષ ૨૦૨૪-૨૫, રકમ રૂ.૦ .૧૬ કરોડ

ગુજરાત સરકાર

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: SJED/MSC/e-file/17/2023/3306/A Section

સચિવાલય, ગાંધીનગર

તા: ૦૭/૦૩/૨૦૨૪

વંચાણે લીધા:-

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા:૧૬/૦૨/૨૦૨૪ નો પત્રાંક: વિજાક/રેકર્ડ/૨૦૨૩-૨૪/૨૬

આમુખ: -

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના નિયંત્રણ હેઠળ જિલ્લા કક્ષાએ આવેલ જિલ્લા નાયબ નિયામક, પંચમહાલની કચેરીમાં રીનોવેશન કરવાની બાબતને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ ના અંદાજપત્રમાં સમાવવામાં આવેલ છે. જેને વહીવટી મંજૂરી આપવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરીના વંચાણે લીધેલ ક્રમ (૧) પરના પત્રથી અત્રે દરખાસ્ત કરવામાં આવેલ હતી. સદર નવી બાબતને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

સક્ષમ કક્ષાએ થયેલ પુખ્ત વિચારણાને અંતે, વિકસતી જાતિ કલ્યાણ હસ્તકની જિલ્લા નાયબ નિયામક, પંચમહાલની કચેરીમાં રીનોવેશન કરવા અંગેની રૂ.૦.૧૬ કરોડની વર્ષ ૨૦૨૪-૨૫ ની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:-

1. આ યોજનાના આયોજન અને અમલીકરણ માટે GIDB ના તા:૩૦/૦૩/૨૦૨૨ ના પત્ર મુજબ PM GATI SHAKTI GUJARAT INTEGRATED MASTER PLAN PORTAL સાથે LAINKAGE કરી INTEGRATION COMPLETION CERTIFICATE WITH UNIQUE PROJECT ID મેળવી લેવાનું રહેશે.
2. બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણે તત્કાલીન પ્રવર્તમાન S.O.R મુજબ નકશા-અંદાજો તૈયાર કરી, સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે. સદર બાંધકામ અંગેની ટાઇપ ડીઝાઇન માર્ગ અને મકાન વિભાગ પાસેથી અથવા નિયત થયેલ સંસ્થા પાસેથી તૈયાર કરવાની રહેશે.
3. બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.
4. આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરીયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી વિભાગ કક્ષાએ સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ જ વર્ક ઓર્ડર આપવાના રહેશે.
5. રેલ્વે, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો આવી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. આવા જરૂરી કલીયરન્સ મેળવવામાં જો વિલંબ થવાનું જણાય તો વર્કઓર્ડર આપતાં પહેલાં જરૂરી ચોકસાઈ કરી લેવાની રહેશે.
6. જમીન સંપાદન/ પુન: સ્થાપન કે પુન: વસન વિ. કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે.

7. સદર બાંધકામ અંગેની કામગીરી પ્રોજેક્ટને અસર ન થાયે તે રીતે નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.આ બાંધકામ અંગે જો કોઈ લીટીગેશન, પબ્લિક કોર્ટ કેસ પડતર હોય તો પ્રોજેક્ટને અસર ન થાય તે રીતે નિયત સમયમર્યાદામાં યોગ્ય નિકાલ કરવાનો રહેશે.
8. આ યોજનાની અમલવારી અર્થે કોઇ અન્ય વિભાગ સાથેના Linkages ની કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે.
9. આ કામની ડિઝાઇન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
10. મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.
11. બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજૂરીથી જો કોઈ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.
12. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રર્વતમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
13. આ બાંધકામ અંદાજોની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.
14. ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ, જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
15. સૂચિત કામો પૈકી જે કામો MNREGA હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ MNREGA યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની તકેદારી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ એ રાખવાની રહેશે.
16. જો મકાન તોડી પાડવાનું હોય તો મકાન તોડી પાડવાની અનુમતિ સક્ષમ કક્ષાએથી મેળવ્યા બાદ ગ્રાંટ રીલીઝ કરવાની તકેદારીનિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ એ રાખવાની રહેશે.
17. કેન્દ્ર પુરસ્કૃત યોજના હોય તો ભારત સરકાર પાસેથી સમયસર નાણા મેળવવાના રહેશે તેમજ ભારત સરકાર દ્વારા નિયત કરેલ શરતોનું પાલન કરવાનું રહેશે.
18. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ તેના સુચારુ ઉપયોગ અને અમલવારી માટેoperation and maintenance ની યોગ્ય વ્યવસ્થા અને આયોજન કરવાનું રહેશે.
19. આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યનાં સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.
20. નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
21. સદર યોજના રાજ્ય સરકારના ફાળા સિવાય બાહ્ય સહાયિત લોન, કે કેંદ્રીય ફાળા થી કરવાની હોય તો તે સમયસર મેળવી લેવા અંગે જરૂરી કાર્યવાહી સમયસર કરવાની રહેશે.
22. સમગ્ર પ્રોજેક્ટ તેની વહીવટી મંજુરીની મર્યાદામાં સમયસર પૂર્ણ થાય તે રીતે સમયબધ્ધ નાણાકિય આયોજન કરવાનું રહેશે. તે માટેના જરૂરી નાણાકીય સ્ત્રોત પાસેથી સમય સર ફંડ ઉપલબ્ધ થાય તેનું આયોજન કરવાનું રહેશે.
23. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
24. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન સંબંધિત નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
25. આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.
26. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
27. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષના આખરે સરન્ડર કરવાની રહેશે. જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.
28. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

29. સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.
30. સદર બાબતનો ખર્ચ તા:૦૧/૦૪/૨૦૨૪ પછી કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી નંબર- ૯૨, સેકટર -ખ સામાજીક સેવાઓ, સબ સેકટર -ગ અનુ.જાતિ/ જનજાતિઓ અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, મુખ્ય સદર -૨૨૨૫ અનુ.જાતિ/ અનુ. આદિજાતિઓ અન્ય પછાતવર્ગ અને લઘુમતીઓનું કલ્યાણ, ગૌણ સદર ૦૦૧ નિર્દેશ અને વહીવટ, પેટા સદર - ૦૩ OBC - ૧૮ તમામ કક્ષાએ વહીવટી તંત્રને સંગીન બનાવવું હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ની જોગવાઇઓમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં સલાહકારશ્રીના પરામર્શમાં સક્ષમ કક્ષાએથી તા:૦૫/૦૩/૨૦૨૪ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

હરિત આર. દોશી

સેક્શન અધિકારી

સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ

નકલ રવાના: (જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે)

- માન. મંત્રીશ્રી (સા.ન્યા. અને અધિ.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ -૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (સા.ન્યા. અને અધિ.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ -૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર /- સદરહુ ઠરાવને વિભાગને વેબ સાઇટ પર અપલોડ કરવા સારૂ...
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૪